Seat No. : ______________

# JJ-101

**June-2022**

**B.Com., Sem.-II**

**CE-102 (A) : Financial Accounting - II**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

## વિભાગ – I

**સૂચના :** વિભાગ-Iમાંથી કોઈપણ બે પ્રશ્નોનાં જવાબ આપો :

1. (A) નીચેના વ્યવહારોની આમનોંધ લખો : 6

(1) કંપનીની શેરમૂડી દરેક ₹ 100નો તેવા 55,500 શેરોની બનેલ છે. કંપનીએ આ શેરોનું દરેક ₹ 10નો તેવા ઈક્વિટી શેર અને દરેક ₹ 10નો તેવા 15%ના પ્રેફરન્સ શેરમાં 3 : 2ના પ્રમાણમાં વિભાગીકરણ કરવાનું નક્કી કર્યું.

(2) એક કંપનીના દરેક ₹ 100નો તેવા 37,500 ઈક્વિટી શેરનું દરેક ₹ 10નો તેવા 3,75,000 ઈક્વિટી શેરોમાં વિભાગીકરણ કરવામાં આવ્યું.

(3) એક કંપનીએ દરેક ₹ 100નો તેવા પુર્ણ-ભરપાઈ 2,500 ઈક્વિટી શેરોનું નીચેની શરતોએ ઈક્વિટી સ્ટોકમાં રૂપાંતર કરવાનું નક્કી કર્યું :

(અ) દરેક શેરદીઠ ₹ 110ની કિંમતે (બ) દરેક શેરદીઠ ₹ 95ની કિંમતે.

(B) પી.એમ. કંપની લિમિટેડની બહાર પાડેલ થાપણ ₹ 10નો એક એવા ₹ 5,00,000ના શેરની બનેલી છે. શેરદીઠ ₹ 8 મંગાવેલ છે અને ભરાયેલા છે. અનામત ભંડોળમાંથી ₹ 1,97,500ની રકમ મૂડી ભંડોળ ખાતે લઈ ગયા હતાં અને તે રકમમાંથી ડિરેક્ટરને સત્તા આપવામાં આવી હતી કે તેમણે નીચે મુજબ તેનો ઉપયોગ કરવો : 6

(1) શેરને પૂરા ભરાયેલા બનાવવા માટે બોનસ ડિવિડન્ડ જાહેર કરવું.

(2) દર ચાર ઈક્વિટી શેરદીઠ એક બોનસ ઈક્વિટી શેર, શેરદીઠ દરેક ₹ 5ના પ્રીમિયમે આપવા.

કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

(C) નિધિ લિમિટેડના તા. 31-3-2022ના કાચા સરવૈયાની અમુક બાકીઓ નીચે મુજબ છે : 8

| વિગત | રકમ (₹) |
|---|---|
| ઈક્વિટી શેરમૂડી (20000 શેર દરેક ₹ 10નો) | 2,00,000 |
| રીડીમેબલ પ્રેફરન્સ શેરમૂડી (5000 શેર દરેક ₹ 10નો શેરદીઠ ₹ 8 ભરાયેલ) | 40,000 |
| સામાન્ય અનામત | 40,000 |
| જામીનગીરી પ્રીમિયમ | 5,000 |
| બેંક સિલક | 1,00,000 |

કાયદાની જરૂરી જોગવાઈઓનું પાલન કરીને કંપની રીડીમેબલ પ્રેફરન્સ શેર 5% પ્રીમિયમથી પરત કરવાનું નક્કી કરેલ છે. આ માટે જરૂરી રકમના નવા ઈક્વિટી શેર મૂળ કિંમતે બહાર પાડવામાં આવ્યા. હિસાબી ચોપડામાં નવા શેર બહાર પાડવાની અને પ્રેફ. શેર પરત કરવા અંગેની જરૂરી આમનોંધ લખો.

2. (A) શિવ કંપની લિમિટેડે ₹ 10નો એક એવા 10,00,000 ઈક્વિટી શેર 50% પ્રીમિયમે જાહેર જનતા માટે બહાર પાડેલ છે. ભરણાની સંપૂર્ણ બાંયધરી રઘુપતિ, રાઘવ, રાજા, રામે નીચે મુજબ આપી : 14

રઘુપતિ : 30%, રાઘવ : 30%, રાજા : 20% , રામ : 20%



@geniusguruji

બાંયધરી દલાલોએ નિશ્ચિત બાંયધરી માટે નીચે મુજબ અરજીઓ કરી :

રઘુપતિ : 25,000, રાઘવ : 25,000, રાજા : 25,000, રામ : 25,000

નિશ્ચિત બાંયધરી સિવાય, પરંતુ નિશાનીવાળી અરજીઓ સહિત કુલ 6,00,000 ઈક્વિટી શેર માટે અરજીઓ મળી. નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ હતી :

રઘુપતિ : 1,80,000, રાઘવ : 1,00,000, રાજા : 1,00,000 , રામ : 40,000

એવું નક્કી કરવામાં આવ્યુ કે બાંયધરી દલાલોને બહાર પાડેલ કિંમત પર 5% બાંયધરી કમિશન આપવાનું છે. પ્રત્યેક બાંયધરી દલાલના કમિશનની ગણતરી કરો અને દરેક બાંયધરી દલાલની જવાબદારી નક્કી કરો જો :

(1) દલાલોને નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા ન મળે તો.

(2) દલાલોને નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા મળે તો.

(B) નીચેનામાંથી કોઈપણ એકનો જવાબ આપો : 6

(1) શેર બાંયધરીના ફાયદાઓ જણાવો.

(2) નિશાનીવાળી અરજી એટલે શું ? સમજાવો.

3. (A) મૂડી ઘટાડા અંગેની નીચે મુજબની યોજનાને મંજૂરી આપવામાં આવેલ છે : 14

ભારત લિમિટેડનું તા. 31-3-22નું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| મૂડી-દેવા | ₹ | મિલકત-લેણાં | ₹ |
|---|---|---|---|
| દરેક ₹ 10નો એવા ઈક્વિટી શેરમૂડી | 8,00,000 | પાઘડી | 60,000 |
| 10% પ્રેફરન્સ શેર દરેક ₹ 100નો | 2,00,000 | જમીન અને મકાન | 5,50,000 |
| 12%ના ડિબેંચર | 2,50,000 | મશીનરી | 1,80,000 |
| ડિબેંચર પર ચુકવવાનું બાકી વ્યાજ | 50,000 | રોકાણો | 70,000 |
| લેણદારો | 2,00,000 | સ્ટોક | 80,000 |
| આકસ્મિક જવાબદારી : | | દેવાદારો | 1,20,000 |
| કંપની સામેના દાવાની રકમ ₹ 30,000 | | બેન્ક સિલક | 1,50,000 |
| | | પ્રાથમિક ખર્ચ | 80,000 |
| | | નફા-નુકસાન ખાતું | 2,10,000 |
| **કુલ** | **15,00,000** | **કુલ** | **15,00,000** |

(1) પ્રેફરન્સ શેરમૂડીની કિંમત ₹ 60 સુધી ઘટાડવામાં આવી.

(2) ઈક્વિટી શેરમૂડીની કિંમતમાં ₹ 5નો ઘટાડો કરવામાં આવ્યો.

(3) ડિબેંચર હોલ્ડરોએ તેમની લેણી નીકળતી વ્યાજની રકમ જતી કરી અને ડિબેંચર હોલ્ડરોએ જમીનનો એક ટુકડો કે જેની કિંમત ₹ 2,00,000 હતી, તે જમીન ₹ 1,80,000માં પાર્ટ-પેમેન્ટ તરીકે સ્વીકારી.

(4) બાકીની જમીનની કિંમત ₹ 2,70,000 આંકવામાં આવી.

(5) રોકાણોના ₹ 90,000 ઉપજ્યા.

(6) પુનઃરચના ખર્ચ ₹ 40,000 થયો.

(7) કંપનીએ બાકી દાવા અંગેની રકમ ચૂકવવાનું સ્વીકાર્યું

(8) ચોપડે દર્શાવેલ તમામ અદ્રશ્ય અને અવાસ્તવિક મિલકતો માંડી વાળવામાં આવી.

(9) લેણદારો પૈકી ₹ 1,00,000ના લેણદારોને ₹ 80,000 ચૂકવી ખાતું ચૂકતે કર્યું.

કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

(B) કોઈપણ એકનો જવાબ આપો : 6

(1) મૂડી ઘટાડાની પદ્ધતિઓ સમજાવો.

(2) મૂડી ભંડોળમાં ફેરફાર અંગે ટેબલ 'એ'ની જોગવાઈઓ જણાવો.



@geniusguruji

4. (A) પી.એમ. ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડની તારીખ 31-3-22ના રોજ પૂરાં થતા વર્ષની આગ અને દરિયાઈ વીમા વિભાગની નીચે મુજબની માહિતી આપેલ છે : 14

| વિગત | આગ વિભાગ (₹) | દરિયાઈ વિભાગ (₹) |
|---|---|---|
| મળેલ પ્રીમિયમ | 22,00,000 | 45,70,875 |
| મળવાનું બાકી પ્રીમિયમ : | | |
| તા. 31-3-21 | 1,50,000 | 10,00,000 |
| તા. 31-3-22 | 4,50,000 | 4,29,125 |
| ચૂકવેલ દાવાઓ | 25,00,000 | 35,80,725 |
| ચૂકવાના બાકી દાવાઓ : | | |
| તા. 31-3-21 | 2,00,000 | 6,00,000 |
| તા. 31-3-22 | 7,50,000 | 2,19,275 |
| ભાવિ જોખમ માટેનું અનામત (31-3-2021) | 8,00,000 | 27,00,000 |
| વધારાનું અનામત (31-3-2021) | 1,50,000 | 2,00,000 |
| કમિશન | 5,50,000 | 6,50,000 |
| સ્વીકારેલ પુનઃવીમા પર કમિશન | 60,000 | 1,80,000 |
| આપેલ પુનઃવીમા પર કમિશન | 1,10,000 | 3,30,000 |
| ફર્નીચરના વેચાણનું નુકસાન | 15,000 | 15,000 |
| રોકાણોના વેચાણનો નફો | 2,70,000 | 2,50,000 |
| ઘાલખાધ | 10,000 | 12,000 |
| આગ બુઝાવવાનો ખર્ચ | 10,000 | – |
| પુનઃવીમા વસુલાત | 15,00,000 | 15,50,000 |
| સ્વીકારેલ પુનઃવીમા પ્રીમિયમ | 8,50,000 | 4,50,000 |
| આપેલ પુનઃવીમા પ્રીમિયમ | 3,50,000 | 2,50,000 |
| વ્યાજ અને ડિવિડન્ડ | 1,40,000 | 1,60,000 |
| વ્યાજ અને ડિવિડન્ડ પરનો ટેક્ષ | 10,000 | 10,000 |
| પ્રીમિયમના ઘટાડા રૂપે આપેલ બોનસ | 8,000 | 10,000 |
| પરચૂરણ આવક | 5,00,000 | 5,60,000 |
| ઘાલખાધ પરત | – | 50,000 |

વધારાની માહિતી નીચે મુજબ છે :

(1) વીમા કંપનીના નિયમો મુજબ ભાવિ જોખમ માટેનું અનામત રાખવાનું છે અને દર વર્ષે વધારાનું અનામત ચોખ્ખા પ્રીમિયમના 10%થી વધારવું.

(2) વહીવટી ખર્ચ ₹ 7,20,000 આગ અને દરિયાઈ વિભાગ વચ્ચે મળેલ ચોખ્ખા પ્રીમિયમના પ્રમાણમાં ફાળવવામાં આવેલ છે.

31-3-22ના રોજ પુરા થતા વર્ષ માટે આગ અને દરિયાઈ બંને વિભાગના મહેસૂલી ખાતા તૈયાર કરો.

(B) કોઈપણ એક પ્રશ્નનો જવાબ આપો : 6

(1) સ્વીકારેલ પુનઃવીમો અને આપેલ પુનઃવીમો

(2) બાકી જોખમનું અનામત અને 'નો ક્લેઈમ બોનસ'



@geniusguruji

## વિભાગ – II

5. યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો : (કોઈપણ પાંચ) 10

(1) સામાન્ય વીમો ______ સામે રક્ષણ આપે છે.
- (A) વ્યક્તિને આગથી થયેલ નુકસાન સામે
- (B) વ્યક્તિને સમુદ્ર પ્રવાસ દરમ્યાન થયેલ નુકસાન સામે
- (C) માલસામાન અને મિલકતને આગ અને સમુદ્ર પ્રવાસ દરમ્યાન થયેલ નુકસાન સામે
- (D) ઉપરોક્ત બધા

(2) આપેલ પુનઃવીમો એટલે ______
- (A) બીજી કંપનીનો સ્વીકારેલ વીમો
- (B) મળેલ દાવાઓ
- (C) બીજી કંપનીને આપેલ વીમો
- (D) ઉપરમાંથી એકપણ નહિ

(3) જ્યારે જામીનગીરી પ્રીમિયમની રકમ માંડી વાળવામાં આવે, ત્યારે મૂડી ઘટાડા ફંડની રકમ ______
- (A) વધે છે
- (B) ઘટે છે
- (C) કોઈ વાર વધશે
- (D) કોઈ ફેર નહી પડે

(4) ₹ 750નો એક એવા ડિબેન્ચર પર મળવાપાત્ર વધુમાં વધુ બાંયધરી કમિશનની રકમ
- (A) ₹ 18.75
- (B) ₹ 37.50
- (C) ₹ 18.57
- (D) ₹ 35.05

(5) ₹ 10ના એક એવા 10 શેરનું ₹ 105ના ઈક્વિટી સ્ટોકમાં રૂપાંતર કરવામાં આવે, ત્યારે કંપનીના ચોપડે ______
- (A) ઈક્વિટી સ્ટોક ખાતે ₹ 105 જમા થશે
- (B) ઈક્વિટી સ્ટોક પર વટાવ ખાતે ₹ 5 ઉધાર થશે
- (C) સ્ટોક પ્રીમિયમ ખાતે ₹ 5 જમા થશે
- (D) (A) અને (B) બંને

(6) આકસ્મિક જવાબદારી ચૂકવાય ત્યારે ______ ખાતું ઉધાર થશે.
- (A) રોકડ ખાતું
- (B) આકસ્મિક જવાબદારીનું ખાતું
- (C) મૂડી ઘટાડા ખાતું
- (D) ઉપરમાંથી એકપણ નહિ

(7) બાંયધરી કરાર ______ માટે કરવામાં આવે છે.
- (A) હક્કના શેર બહાર પાડવા
- (B) શેરની ખાનગી ધોરણે ફાળવણી
- (C) (A) અને (B) બંને
- (D) ઉપરનામાંથી એકપણ નહિ

(8) કંપની જાહેર પ્રજાને શેરની વહેંચણી કરતાં પહેલાં, કોઈ મર્ચન્ટ બેન્કર કે સમર્થક અથવા સમર્થકોની સિન્ડીકેટ સાથે કંપનીનાં બધાજ શેર ખરીદી લેવાનો જે કરાર કરે તેને ______ કહે છે.
- (A) સમગ્ર વેચાણનાં સોદા
- (B) સ્વેટ ઈક્વિટી
- (C) બુક બિલ્ડીંગ પ્રક્રિયા
- (D) શેરની પરત ખરીદી

(9) કંપની ધારા 2013ની ______ મુજબ રીડીમેબલ પ્રેફરન્સ શેર નફા-નુકસાન ખાતાની જમા બાકીમાંથી પરત થઈ શકે.
- (A) કલમ 55
- (B) કલમ 56
- (C) કલમ 57
- (D) કલમ 58

(10) રીડીમેબલ પ્રેફરન્સ શેર પરત કરી શકાતા નથી
- (A) મૂળ કિંમતે
- (B) વટાવથી
- (C) પ્રીમિયમથી
- (D) એકપણ નહિ

@geniusguruji

Seat No. : ______________

# JJ-101

**June-2022**

**B.Com., Sem.-II**

## CE-102 (A) : Financial Accounting - II

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

### PART – I

**Instruction :** Attempt any **two** questions from Part-I.

1. (A) Write the journal entry of following transactions : 6
   (1) The share capital of a company consists of 55,500 equity shares of ₹ 100 each. The company decided to sub-divide the same into equity shares of ₹ 10 each and 15% preference shares of ₹ 10 each in the ratio of 3:2
   (2) 37,500 equity shares of ₹ 100 each are sub-divided into 3,75,000 equity shares of ₹ 10 each.
   (3) A company decided to issue equity stock in the following manner in exchange of 2,500 equity shares of ₹ 100 fully paid,
   (A) at the rate of ₹ 110 for each share (B) at the rate of ₹ 95 for each share

   (B) The issued capital of PM company Ltd. was ₹ 5,00,000 divided into shares of ₹ 10 each. ₹ 8 per share called and paid. A sum of ₹ 1,97,500 was capitalised out of Reserve Funds. From that amount the directors were authorised to (A) Declare a Bonus Dividend to make the shares fully paid and (B) to issue bonus share on the basis of one Equity share for every four equity shares held at ₹ 5 Premium on each share. Pass necessary journal entries in the books of the company. 6

   (C) The following is the extract of Trial Balance of Nidhi Limited as on 31-3-2022 : 8

| Particulars | ₹ |
|---|---|
| Equity Share Capital (20000 shares of ₹ 10 each ) | 2,00,000 |
| Redeemable Preference Share Capital (5000 shares of ₹ 10 each, ₹ 8 paid up) | 40,000 |
| General Reserve | 40,000 |
| Securities Premium | 5,000 |
| Bank Balance | 1,00,000 |

The company decides to redeem the preference shares at 5% premium after complying with legal provisions. For this, new equity shares of required amount are issued at cost price. Write necessary journal entries for the issue of new equity shares and preference capital redeemed in accounting books.

2. (A) Shiv Co. Ltd. issued 10,00,000 equity shares of ₹ 10 each at 50% premium for public. The whole issue was fully underwritten by Raghupati, Raghav, Raja and Ram as follows : 14

   Raghupati : 30%, Raghav : 30%, Raja : 20% , Ram : 20%

   The underwriters made application for firm underwriting as under :

   Raghupati : 25,000, Raghav : 25,000, Raja : 25,000, Ram : 25,000



@geniusguruji

The total applications excluding Firm underwriting but including marked applications were 6,00,000 equity shares. The marked applications were as under:

Raghupati : 1,80,000, Raghav : 1,00,000, Raja : 1,00,000, Ram : 40,000

It was agreed that underwriters were to be paid underwriting commission at 5% on the issue price. Calculate amount of commission for each underwriter and determine the liabilities of an individual underwriter if :

(1) Credit for firm underwriting is not given to underwriter

(2) Credit for firm underwriting is given to underwriter.

(B) Give the answer (any **one**) : **6**

(1) State the advantages of Underwriting

(2) Explain the meaning of Marked Application.

3. (A) The following scheme of reconstruction of capital was approved : **14**

The Balance Sheet of Bharat Ltd. as on 31-3-22 is as follows :

| **Liabilities** | **₹** | **Assets** | **₹** |
|---|---|---|---|
| Equity Share Capital of ₹ 10 each | 8,00,000 | Goodwill | 60,000 |
| 10% Pref. Shares of ₹ 100 each | 2,00,000 | Land & Building | 5,50,000 |
| 12% Debentures | 2,50,000 | Machinery | 1,80,000 |
| Outstanding Interest on Debentures | 50,000 | Investments | 70,000 |
| Creditors | 2,00,000 | Stock | 80,000 |
| Contingent Liability : | | Debtors | 1,20,000 |
| Claim against company for ₹ 30,000 | | Bank Balance | 1,50,000 |
| | | Preliminary Exp. | 80,000 |
| | | P & L A/c | 2,10,000 |
| | **15,00,000** | | **15,00,000** |

(1) The Price of Pref. shares is to be reduced upto ₹ 60 per share.

(2) The Price of Equity shares is to be reduced by ₹ 5 per share.

(3) The debenture holders agreed to forgo their outstanding interest and also agreed to accept a piece of land worth ₹ 2,00,000 at ₹ 1,80,000 as part payment.

(4) The remaining land and building were valued at ₹ 2,70,000.

(5) ₹ 90,000 were realized of investments.

(6) Reconstruction expenses amounted to ₹ 40,000.

(7) It was decided that company had to pay the claim.

(8) All Intangible and fictitious assets mentioned in the books are to be written off.

(9) Out of creditors of ₹ 1,00,000 to be settled with ₹ 80,000.

Write necessary journal entries in the books of the company.

(B) Give the answer (any **one**) : **6**

(1) Explain the methods of reducing share capital.

(2) State the provisions of table 'A' related to alteration of share capital.



@geniusguruji

4. (A) PM Insurance Co. Ltd. provides you following details of fire and marine departments for the year ending on 31-3-22. **14**

| **Particulars** | **Fire department (₹)** | **Marine department (₹)** |
|---|---|---|
| Premium received | 22,00,000 | 45,70,875 |
| Premium outstanding : | | |
| On 31-3-21 | 1,50,000 | 10,00,000 |
| On 31-3-22 | 4,50,000 | 4,29,125 |
| Claims paid | 25,00,000 | 35,80,725 |
| Claim outstanding : | | |
| On 31-3-21 | 2,00,000 | 6,00,000 |
| On 31-3-22 | 7,50,000 | 2,19,275 |
| Reserve for unexpired risk (31-3-2021) | 8,00,000 | 27,00,000 |
| Additional reserve (31-3-2021) | 1,50,000 | 2,00,000 |
| Commission | 5,50,000 | 6,50,000 |
| Commission on re-insurance accepted | 60,000 | 1,80,000 |
| Commission on re-insurance ceded | 1,10,000 | 3,30,000 |
| Loss on sale of Furniture | 15,000 | 15,000 |
| Profit on sale of Investment | 2,70,000 | 2,50,000 |
| Bad debts | 10,000 | 12,000 |
| Fire extinguishers expenses | 10,000 | – |
| Re-insurance recovery | 15,00,000 | 15,50,000 |
| Re-insurance premium accepted | 8,50,000 | 4,50,000 |
| Re-insurance premium ceded | 3,50,000 | 2,50,000 |
| Interest and dividend | 1,40,000 | 1,60,000 |
| Income-tax on interest and dividend | 10,000 | 10,000 |
| No claim Bonus | 8,000 | 10,000 |
| Other income | 5,00,000 | 5,60,000 |
| Bad debts Recovery | – | 50,000 |

Other information is as follows :

(1) Unexpired risk reserve is to be kept as per insurance company's rules and every year additional reserve is to be increased by 10% on net premium.

(2) The administration expenses of ₹ 7,20,000 is to be divided between fire and marine department in the proportion of net premium received.

Prepare Revenue Accounts for both Departments for the year ending on 31-3-22.

(B) Give the answer (any **one**) : **6**

(1) Reinsurance Accepted and Reinsurance Ceded.

(2) 'Reserve for Unexpired Risk' and 'No Claim Bonus'



@geniusguruji

## PART – II

5. Choose the right answer from given options : (any **five**) 10

(1) General Insurance covers ______

(A) Loss of lives due to fire
(B) Loss of lives during marine voyage
(C) Loss of goods & Assets by fire and marine transportation
(D) All of these

(2) Re-insurance ceded, means ______

(A) Insurance of other company accepted
(B) Claims received
(C) Insurance given to other company
(D) None of these

(3) When balance of securities premium is to be written off, the balance of capital reduction fund ______

(A) Increases (B) Reduces
(C) Sometime increases (D) Does not change

(4) On debenture of ₹ 750 maximum amount of underwriting commission allowable is –

(A) ₹ 18.75 (B) ₹ 37.50
(C) ₹ 18.57 (D) ₹ 35.05

(5) A company has converted its 10 Equity shares of ₹ 10 each into stock of ₹ 105, in the books of company

(A) Equity Stock A/c will be credited ₹ 105
(B) Discount on Equity Stock A/c will be debited ₹ 5
(C) Stock Premium A/c will be credited ₹ 5
(D) (A) and (B) both

(6) ______ account is debited, when Contingent Liability is paid.

(A) Cash A/c (B) Contingent Liability A/c
(C) Capital Reduction A/c (D) None of above

(7) Underwriting agreement is made for ______

(A) Issue of Right shares (B) Private Placement of shares
(C) (A) and (B) both (D) None of above

(8) A public company before making public issue of shares, enters into a contract with a merchant banker or a sponsor, or syndicate of sponsors to buy all the shares of company it is known as ______.

(A) Sale out deal (B) Sweat Equity
(C) Book building Process (D) Buy Back of share

(9) As per ______ of the Companies Act, 2013, Redeemable Preference shares can be redeemed out of credit balance of profit and loss account.

(A) Section 55 (B) Section 56
(C) Section 57 (D) Section 58

(10) Redeemable Preference shares cannot be redeemed ________.

(A) At Cost Price (B) At a Discount
(C) At a Premium (D) None of above



@geniusguruji